|| ॐ શ્રી સાઈરામ ||

|| ॐ શ્રી સાઈ કાલાતીતાય નમ : || (૮૫)

## કાળ અને અવકાશની મર્યાદાથી પર હોય એવા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

સર્વસામાન્ય માણસોને હોય એવું સ્થળ અને કાળનું બંધન પરમેશ્વરને કેવી રીતે હોય? કારણ કે કાળ અને અવકાશ એ પરમેશ્વરની ઈચ્છાથી જ નિર્માણ થયા છે.

અવતારોની અનેક લીલા ગ્રંથોમાં વાંચતી વખતે આપણને આનો અનુભવ થાય છે. શ્રીરામ અને શ્રીકૃષ્ણ અવતારમાં તેમજ સાઈના શિરડી અવતારમાં આવા ઘણા ઉદાહરણો છે.

ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે રાસલીલા કરતા, ત્યારે એક રાત્રિનું રૂપાંતર છ મહિનામાં થતું. આનાથી વિરુદ્ધ જ્યારે ભગવાન શ્રીકૃષ્ણએ કુરુક્ષેત્ર પર જે ગીતાબોધ અર્જુનને આપ્યો તે વખતે સમયનો સંકોચ કર્યો (સમય ઓછો કર્યો.)

સાંપ્રત (વર્તમાન) ના શ્રી સત્યસાઈ અવતારની આ એક કથા, જે ભગવાન બાબાનું સમય પર નિયંત્રણ કેવી રીતે છે તે દર્શાવે છે. ભગવાન બાબાના આશીર્વાદથી અને અનુજ્ઞાથી નર નારાયણ ગુફા તરફ નીકળેલા સાધકો જ્યારે ઉર્વશી કુંડ પાસે પહોચ્યા ત્યારે તેમને ત્યાં ધ્યાન કરવાની પ્રેરણા થઈ. તે અનુસાર એ બધાએ ધ્યાન શરૂ કર્યું. ધ્યાનમાંથી તેમને સમાધિ અવસ્થા પ્રાપ્ત થઈ હશે. તેમાંથી જ્યારે તે બધા એક જ સમયે જાગૃત થયા ત્યારે તેમને અતિશય પ્રસન્નતા લાગતી હતી. હંમેશાં જ્યારે તે બધા ધ્યાનમગ્ન થતા ત્યારે તેમાંથી જાગૃતાવસ્થામાં પાછા આવતા તેમને બે કલાક થતા. તેથી કેવળ આદત મુજબ તેમાંના એક જણે પોતાના કાંડા પરના ઘડિયાળમાં જોયું તો બધાને જ આશ્ચર્ય થયું. કારણ કે તેમની આ ‘ સમાધિ અવસ્થા ’ બે કલાકની નહીં, પણ અઢાર દિવસ સુધી રહી હતી. ઘડિયાળમાંની તારીખ અને સમય તેમ જ દર્શાવતી હતી. આ અઢાર દિવસમાં તેમને એવો અમૃતાનુભવ મળ્યો હતો કે આટલી ઠંડીમાં તેમજ હિમવર્ષામાં પણ તેમનું ચિત્ત પ્રસન્ન રહ્યું હતું. બાબાએ અઢાર દિવસનો સમય બે કલાક પર લાવીને મૂકયો હતો.

આપણને બધાને ખબર છે કે, જરાસંઘના ત્રાસમાંથી મુક્ત કરવા માટે, ભગવાન શ્રીકૃષ્ણ મથુરાની જનતાને ઊંઘમાં જ દ્વારકા લઈ આવ્યાં હતાં. જ્યારે મથુરાવાસી જાગૃતાવસ્થામાં આવ્યાં ત્યારે

એક આશ્ચર્ય થયું, કે બધા લોકો જાણે દ્વારકા સાથે પહેલાથી જ પરિચિત હોય તે પ્રમાણે નિત્ય વ્યવહાર કરવા લાગ્યા.

લગભગ આવી જ ઘટના સાઈકૃષ્ણએ ફરીથી દ્વારકામાં ઘડી તેની આ વાર્તા. જામનગરના રાજમાતાનું આગ્રહી નિમંત્રણ સ્વીકારીને ભગવાન બાબા દ્વારકા ગયા. શ્રીકૃષ્ણ મંદિરે જવા માટે જ્યારે સાઈકૃષ્ણ નીકળ્યા ત્યારે તેમના પહેલાં ત્યાંના સંયોજકો મંદિરે પહોંચ્યા હતા. સંયોજકોને ત્યાં ગયા પછી એવો ખ્યાલ આવ્યો કે, ભગવાન બાબાના દર્શન કરવા માટે ત્યાં અસંખ્ય જનસમુદાય આવ્યો છે. આ જોઈને તેમણે મંદિરના પૂજારીને કહ્યું કે મંદિરની બાજુનો કક્ષ ખોલવો, પરંતુ તેમણે આ બાબત અસમર્થતા વ્યક્ત કરી તેથી આ લોકો ચિંતિત થયા.

તે જ સમયે સ્વામી ત્યાં પહોંચ્યા. તેમની આગળ પાછળ સર્વત્ર જન સમુદાય ભેગો થઈ ગયો અને તેમાં ધક્કામુક્કી શરૂ થઈ ગઈ. પ્રસંગનું ગાંભીર્ય ઓળખીને સ્વામીએ એક લીલા કરી. તેમણે પોતાની બાજુમાં રહેલા પરમ ભક્ત શ્રી. રાજા રેડ્ડી નો હાથ પકડ્યો અને ક્ષણાર્ધમાં તે બંને ત્યાંથી જે અદ્રશ્ય થઈ ગયા અને મંદિરની બહાર અવતીર્ણ થયા તે રાજમાતા ની ગાડીની બહાર. આવો ચમત્કાર કરવો કેવળ કાલાતીત ભગવાનને જ શક્ય છે.

ત્યાર પછી સ્વામી એ રાજમાતા ના ડ્રાઇવરને કહ્યું કે અમે આગળ જઈએ છીએ અને તેમણે રાજા રેડ્ડી ને ગાડી ચલાવવાનું કહીને પોતે તેમાં બેસીને આગળ નીકળી ગયા. જ્યાંથી રાજ માતાને તેમજ અન્ય લોકોને ખબર પડી, ત્યારે બધાને ઘણું જ આશ્ચર્ય થયું અને સ્વામીને રસ્તો કેવી રીતે ખબર પડશે એવી ચિંતા થઈ. પરંતુ કાળ અને અવકાશ પર નિયંત્રણ રાખવાવાળા સ્વામીને રસ્તો ખબર નહી હોય? બાકી બધાની ગાડીઓ પાછળથી આવવા લાગી. આગળ મીઠાપુરમાં પ્રવચન આપીને બધા પાછા આવતા હતા ત્યારે સ્વામી એ બધી ગાડીઓ વચ્ચે જ રોકી, અને તે કસ્તુરીને બોલ્યા- " તારે સમુદ્ર જોવો છે ને? આ ટેકરી ની પેલે પાર સમુદ્ર છે." બધા ભક્તો ટેકરી ચઢીને પેલી બાજુ ગયા તો સામે જ નયનરમ્ય સમુદ્ર કિનારો દેખાયો. ફરી એક વાર બધાને આશ્ચર્ય થયું કે આ ટેકરીની પેલે પાર સમુદ્ર છે એની ત્યાંથી હંમેશા જનારા લોકોને પણ ખબર ન હતી. તો પછી સ્વામી ને કેવી રીતે ખબર પડી?

આજ સમુદ્ર કિનારા પર ભગવાન સાઈ કૃષ્ણે ભગવાન શ્રીકૃષ્ણની આશરે (૩ ફૂટ, ૪ ઇંચ) ૪૦ ઇંચની સોનાની મૂર્તિ સમુદ્ર કિનારાની રેતીમાંથી પ્રગટ કરીને બધા ભક્તોને શ્રીકૃષ્ણનું દર્શન કરાવ્યું.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||